‘ભાષાભવન’ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો એક અનોખો વિભાગ છે; જેમાં સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને અન્ય વિદેશી ભાષાઓનો સમાવેશ થાય છે. School of Language and Linguistics’ અર્થાત ‘ભાષાઓ અને ભાષાશાસ્ત્ર ભવન’ તરીકે આ વિભાગ ઓળખાશે.

દરેક દેશની પોતાની સાંસ્કૃતિક તેમ જ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ છે, જેનો ભાષાના મૂળ સાથે અતૂટ સંબંધ છે. સંસ્કૃત ભાષા ભારતનો સાંસ્કૃતિક વારસો છે. સંસ્કૃત એ માત્ર એક ભાષા જ નથી, ફક્ત બધી ભાષાઓની માતા પણ નથી પરંતુ તે જીવન જીવવાની પદ્ધતિ શીખવનારું ચાલકબળ છે. સમકાલીન  પરિસ્થિતિઓમાં વિશ્વમાં પ્રાચીન સાહિત્યની મુખ્ય માંગ છે. આપણી આ દેવભાષામાં આંતરરાષ્ટ્રીય બૌદ્ધિકો યુગોથી ઉત્સાહપૂર્વક રસ લેતા આવ્યા છે. ચોંસઠ કળાઓમાં સંશોધન માટે, જીવનનાં આદર્શ મૂલ્યો અને આધ્યાત્મિક સારને સમજાવવા માટે અને, સાથે સંસ્કૃત સાહિત્યથી વિવિધતામાં એકરૂપતા આણવા આ વિભાગ કટિબદ્ધ છે.

સંસ્કૃત વિભાગનો હેતુ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના અનન્ય સ્વપ્નને ચરિતાર્થ કરવાનો છે. આ વિભાગ પૃથ્વી પર દૈવી આત્માને અવતરિત કરાવવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. જે ચાર ભાગોને આવરી  લઈને વ્યવસ્થિત કાર્યને વેગવંતું બનાવે છે; તે છે- શિક્ષણ, પ્રશિક્ષણ, સંશોધન અને વિસ્તરણ.

સંસ્કૃત વેદ, ઉપનિષદ, સ્મૃતિ, સંહિતા, સ્તોત્ર, નીતિશાસ્ત્ર વગેરેમાં દર્શાવવામાં આવેલા ફિલસૂફીના માધ્યમ દ્વારા સમાજ, રાષ્ટ્ર, વિશ્વ, બ્રહ્માંડ સુધીની વ્યક્તિથી પરમેષ્ટી સુધીની વિકાસયાત્રાને પ્રશસ્ત કરવાની આ વિભાગની નેમ છે.
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં અમુક હૃદયસ્પર્શી સૂત્રો છે -

- Every Child Matters.
- ‘તેજસ્વી બાલક : તેજસ્વી ભારત’
- अनन्य: आनन्दरुप: अनन्त: अहम् ।

આરંભથી જ આ યુનિવર્સિટી મહર્ષિ સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, રવીન્દ્રનાથ ઠાકુર, મહર્ષિ અરવિંદ, મહાત્મા ગાંધી, ગિજુભાઈ બધેકા વગેરે જેવા મહાન વિચારકોના આદર્શોનું અનુસરણ કરવાની નેમ સાથે કાર્યરત છે.

ઉપનિષદ એ વૈદિક દર્શનનું સાતત્યપૂર્ણ અનુસરણ કરનારું શાસ્ત્ર છે, જે વિજ્ઞાનની ઘણી શાખાઓને પ્રભાવિત કરે છે, જેમાં ગર્ભવિજ્ઞાન સામેલ છે. ગર્ભોપનિષદમાં ગર્ભની રચના, જીવનો વિકાસ વગેરે વિશે વિગતવાર વર્ણન છે. **મુક્તોપનિષદ** મુખ્યત્વે જીવનમુક્તિની પ્રાપ્તિ સાથે શાશ્વત આનંદ પ્રાપ્ત કરવાના ઉદ્દેશ્ય સાથે સંબંધિત છે. માતા અને બાળઆરોગ્ય-સંભાળની વિભાવનાઓ ઋગ્વેદસંહિતામાં વિગતવાર મળી છે.

સંસ્કૃત વિભાગનો મુખ્ય ધ્યેય ગર્ભશાસ્ત્રનો અભ્યાસ કરાવવો, સોળ સંસ્કારના વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર અને અભ્યાસ કરાવવો, પરિણીત દંપતીને ગર્ભાધાન સંસ્કારની સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા સમજાવવી, તેમ જ મૂલ્યનિષ્ઠ શિક્ષણ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે માતાપિતાને માર્ગદર્શિત કરવાનો છે.
સમકાલીન સમાજે વિભક્ત પરિવારની કલ્પના અપનાવી છે.સંસ્કૃત વિભાગ કૌટુંબિક બંધનની ભારતીય પરંપરાને ફરીથી જાગૃત કરવા માગે છે. દરેક બાળક દાદા-દાદીના નિર્વ્યાજ પ્રેમ અને સંભાળ હેઠળ સારી રીતે વિકસે છે.આ વિભાગનો ધ્યેય 'તપોવન સંસ્કાર કેન્દ્ર', 'દામ્પત્ય શિક્ષણ', પરિવાર પ્રબોધન (કુટુંબના

સભ્યોનું પરામર્શન), દેવભાષા, વેદભાષાના વૈજ્ઞાનિક સ્પર્શ કરાવી બાળકના સર્વાંગીણ વિકાસનો છે.

- ✔ વેકેશનના સમયગાળા દરમિયાન સાપ્તાહિક વર્કશોપ માટે યુનિવર્સિટી સ્તરે તથા વિવિધ માન્ય કેન્દ્રોએ 'સંસ્કૃત સંભાષણ કેન્દ્ર'ની સ્થાપના.
- ✔ અનુસ્નાતક કક્ષાએ સંસ્કૃત(ગર્ભસંસ્કાર) વિષયનો વિશિષ્ટ અભ્યાસ કરાવવામાં આવશે.
- ✔ સંસ્કૃત ભાષાના મૂલ્યવાન અને નીતિગતબોધ આપતા વિષયો તથા ગર્ભસંસ્કાર અને બાળકેન્દ્રી વિષયોને એમ.ફિલ. અને પીએચ.ડી.ના સંશોધનક્ષેત્રમાં સમાવવામાં આવશે.
- ✔ સંસ્કૃત વ્યાકરણ માટે ખાસ ટૂંકા ગાળાના વેકેશન વર્કશોપની વ્યવસ્થા.
- ✔ દર વર્ષે જૂન મહિનાથી 'સંસ્કૃત સંભાષણ' અને ભાષા-સંવર્ધનનો છ મહિનાનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ ચલાવાશે.
- ✔ સ્મૃતિસંહિતાનો છ મહિનાનો પ્રમાણ-પત્ર અભ્યાસક્રમ ચલાવાશે.
- ✔ શ્રીમદ્ ભગવદ્ગીતામાં 'પીસ મેનેજમેનેજમેન્ટ'નો છ મહિનાનો પ્રમાણ-પત્ર અભ્યાસક્રમ ચલાવાશે.
- ✔ સંસ્કૃત ભાષાને સંગીતની રીતે, ઑડિઓ-વિઝ્યુઅલ તકનીકની આધુનિક રીતમાં પ્રસારિત કરવામાં આવશે.
- ✔ સંસ્કૃત કથાસાહિત્યની સચિત્ર ટૂંકી વાર્તાના પુસ્તકો, યુનિવર્સિટીનાં પ્રકાશનો, ગીતો વગેરે સંસ્કૃત ભાષામાં પ્રકાશિત કરાશે.
- ✔ કાયમી સંસ્કૃત પ્રદર્શન હોલની સ્થાપના થશે.
- ✔ વિદ્યાનિકેતન પ્રકલ્પ માટે સંસ્કૃત પુસ્તકોની રચના કરાશે.
- ✔ ૨ થી ૫ વર્ષની વયજૂથનાં બાળકો માટે સંસ્કૃતનાં ટૂંકાં જોડકણાં બનાવવામાં આવશે.
- ✔ પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનાં દુર્લભ પુસ્તકોનું સંપાદન તેમ જ પુનઃ પ્રકાશન કરવામાં આવશે.